NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**ઇન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગ**

**નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી**

યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી –૩૯૬૪૫૦

ઈ–મેઈલ: itcell@nau.in ફોન: (મો): ૭૩૫૯૪૪૫૫૪૪

આઝાદી કા અમૃત મહોત્સવ

**અગત્યનું**

## પરિપત્ર

**ડિજિટલાઇઝ/ પેપરલેસ કામગીરીઓ માટે નવા ઓનલાઈન/ઓફલાઈન સોફ્ટવેર/ મોડ્યુલ/ પોર્ટલ/ એપ્લીકેશનો બનાવવા બાબત.**

અત્રેની યુનિવર્સિટીની તમામ કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનુંકે,અત્રેની યુનિવર્સિટીની અગત્યની મુખ્ય કામગીરીઓ જેવીકે, સંશોધન , શિક્ષણ, વિસ્તરણ શિક્ષણ અનેએડમિનિસ્ટ્રેશનની રોજબરોજની ઘણી કામગીરીઓ ઓફલાઈન / મેન્યુઅલ કરવામાં આવે છે. કોમ્પ્યુટરાઈઝ્ડ કામગીરીઓ ન હોવાના કારણે ઓફલાઈન / મેન્યુઅલ કરવામાં આવતી કામગીરીઓમાં વધુ પડતું પેપર વર્ક કરવાનું થતું હોય છે . જેના કારણે વધુ સમય અને માનવબળનો ઉપયોગ થતો હોય છે . ઘણી વખત એકજ પ્રકારની કામગીરીઓ જુદાજુદા વિભાગોમાં અલગ-અલગ ફોર્મેટમાં તૈયાર કરી રેકોર્ડ નિભાવવામાં આવતા હોય છે . જેથી માહિતીના વ્યવસ્થાપનમાં અને રેકોર્ડ નિભાવવામાં તેમજ સમયમર્યાદામાં સાચી તેમજ ચોક્કસ માહિતીઓ તૈયાર કરવામાં ઘણી તકલીફો ઉપસ્થિત થવા પામે છે . તેમજ માહિતીઓ માં એક સૂત્રતા પણ જળવાતી નથી.

ઉક્ત બાબતે યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં જુદાજુદા યુનિટ / સબ યુનિટ તેમજ વિભાગ દ્વારા કરવામાં આવતી રોજબરોજની હેતુલક્ષી કામગીરીઓમાં સરળતા ખાતર કોમ્પ્યુટરાઈ ઝ્ડ તેમજ ડીજીટલ સ્વરૂપે માહિતીઓના વ્યવસ્થાપનમાં ડિજિટલાઇઝ/ પેપરલેસ કામગીરીઓ માટે નવા ઓનલાઈન/ઓફલાઈન સોફ્ટવેર/ મોડ્યુલ/પોર્ટલ/એપ્લીકેશનનું ડેવલોપ કરાવી યુનિક ડેટાબેઝ તૈયાર કરાવવાની જરૂરિયાત જણાતી હોય તો અત્રેના આઇ .ટી. વિભાગને **દિન–૧૫** માં આ અંગેની માહિતીઓ નીચે મુજબના ફોર્મેટમાં **ફક્ત ઈમેઈલ દ્વારા** સોફ્ટકોપી અને સહી સિક્કા સાથેની સ્કેન કોપી સ્વરૂપે itcell@nau.in ઉપર મોકલી આપવા વિનંતી છે.જેથી આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરી શકાય

**જા.નં.નકૃયુ/હિનિ/આઈ.ટી./ટી–૫/૩૯/૨૦૨૫**
**નવસારી,તા.૧૮/૦૨/૨૦૨૫**

**નિયંત્રણ અધિકારી (આઈ.ટી.)**

**નકલ સવિનય રવાના(e-પરિપત્ર દ્વારા):–**

(૧)અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટીઅધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) અત્રેની યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા ઘટતુંથવા સારૂ.
(૩)અત્રેની યુનિવર્સિટીનીમાન.કુલપતિશ્રીનારહસ્યસચિવશ્રીતરફજાણ સારૂ.

# પત્રક

**કચેરીનું નામ:**

**વિભાગનું નામ:**

| **અનું.નં.** | **સોફ્ટવેર/ મોડ્યુલ/ પોર્ટલ/ ઓનલાઈન એપ્લીકેશનની વિગત**<br>**(જરૂરિયાત અંગેની ટૂંકમાં માહિતી દર્શાવવી)** | **નવા ડેવલોપમેન્ટ માટેના રીકરીંગ ખર્ચ માટે ફંડ/ ગ્રાન્ટ ઉપલબ્ધ છે? (હા / ના)**<br>**હા હોય તો એ અંગેની માહિતી** | **કામગીરીની માહિતી પૂરી પાડવા માટે કચેરી વ્દારા નિયુક્ત કરવામાં આવેલ કર્મચારીઓની વિગત** |
|---|---|---|---|
| (૦૧) | | બજેટ સદર:<br>સદર કામગીરી કરાવવા માટે ઉપલબ્ધ ગ્રાન્ટ: | (૧)<br>નામ:<br>હોદ્દો:<br>મોબાઈલ નંબર:<br>ઈમેલ એડ્રેસ: |

**કચેરી વડાની સહી અને સિક્કો**